પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૦ | ૧૦ એપ્રિલ, ૨૦૧૮, મંગળવાર ; ચૈત્ર વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**મુંબઈ એરપોર્ટ બે દિવસ માટે બંધ**

મુંબઈ એરપોર્ટ રન-વે સમારકામના કારણે ૯ અને ૧૦ એપ્રિલના સવારના ૧૧થી સાંજે ૫ વાગ્યા સુધી છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો મેન રનવે બંધ રહેશે.

**કર્ણાટકમાં ભાજપની પ્રથમ યાદી**

કર્ણાટક વિધાનસભાની ૨૨૪ વિધાનસભા ચૂંટણીની બેઠકોમાંથી ભાજપે પ્રથમ યાદીમાં ૭૨ ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે. ભાજપના મુખ્યકાર્યાલયમાં ચાલેલી ૪ કલાકની મેરાથાન બેઠક બાદ ભાજપના હાઈકમાન્ડ દ્વારા આ નામની યાદી પર મહોર લગાવી દેવામાં આવી છે.

**જાપાનમાં ભૂકંપનો આંચકો**

પશ્ચિમી જાપાનમાં આજે ભૂકંપના તેજ ઝટકા અનુભવાયા. જણાવવામાં આવી રહ્યું છે કે ભૂકંપની આ ઘટનામાં ત્રણ લોકો ઘાયલ થયા છે. આ સિવાય કેટલીક ઈમારતો અને રસ્તાઓ ક્ષતિગ્રસ્ત થયા છે.

**શિમલાના સુન્નીમાં વાદળ ફાટતાં ૧૫ ઘરોને ભારે નુકસાન**

હિમાચલ પ્રદેશમાં છેલ્લા બે દિવસથી થઈ રહેલા ભારે વરસાદને કારણે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.પ્રદેશની રાજધાની શિમલામાં વાદળ ફાટવાને કારણે ૧૫ ઘરોને ભારે નુકસાન થયુ છે.ઘટનામાં એક શખ્સ ઘાયલ હોવાની પણ માહિતી મળી છે.

# લદાખમાં છ કિમી સુધી ચીનની ઘૂસણખોરી

**આઈટીબીપીએ ગૃહ મંત્રાલયને સોંપેલા ગુપ્ત રિપોર્ટમાં ખુલાસો : ચીને ઉત્તરી પેંગોંગ સરોવરની પાસે ગાડીઓ દ્વારા ૨૮ ફેબ્રુઆરી, ૭ માર્ચ અને ૧૨ માર્ચ ૨૦૧૮ના રોજ ઘૂસણખોરી કરી હતી જેને આઈટીબીપીએ અસફળ બનાવી**



ન્યુ દિલ્હી,તા.૯

અરુણાચલ પ્રદેશના અસફિલા વિસ્તારમાં ચીનના દાવા બાદ ઉભા થયેલા તણાવ વચ્ચે ચીનની ઘૂસણખોરીવાળી નીતિ પર મોટો ખુલાસો થયો છે. ગુપ્ત રિપોર્ટમાં એ ખુલાસો થયો છે કે, ચીની સૈનિક લદાખમાં પેંગોંગ સરોવર પાસે ભારતીય સીમામાં ૬ કિલોમીટર સુધી અંદર ઘૂસી આવ્યા હતા. ભારતીય તિબેટ સીમા પોલીસે ગૃહ મંત્રાલયમાં સોંપેલી પોતાના એક રિપોર્ટમાં ચીની ઘૂસણખોરીની સમગ્ર માહિતી આપી છે.

ચીનના લદાખ સેક્ટરમાં આ વર્ષે માર્ચ મહિનામાં સૌથી વધુ ઘૂસણખોરીના પ્રયાસો કર્યા છે. ચીને ગત મહિને ૨૦ વાર ભારત-ચીન સરહદ પર ઘૂસણખોરી કરી હતી. ITBPએ ગૃહ મંત્રાલયને જે પોતાની રિપોર્ટ સોંપી છે, તે મુજબ ચીને ઉત્તરી પેંગોંગ સરોવરની પાસે ગાડીઓ દ્વારા ૨૮ ફેબ્રુઆરી, ૭ માર્ચ અને ૧૨ માર્ચ ૨૦૧૮ના

● અનુસંધાન પાન-૭ પર

# મોદી દલિત સાંસદોને મનાવી લેશે


**દલિતોની તમામ રજૂઆતોને ધ્યાનમાં લેવાની ખાતરી અપાઈ : મોદીએ તમામને સ્પષ્ટ સૂચના આપ્યા બાદ હવે દલિત સમુદાયને વિશ્વાસમાં લેવા તમામ પ્રયાસ : કોંગ્રેસ અને અન્યોની યોજના નિષ્ફળ બનાવવા તૈયારી**

નવીદિલ્હી, તા. ૯

એસસી અને એસટી એક્ટને લઈને સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યા બાદ ભારતીય જનતા પાર્ટીને એક રીતે ફટકો પડ્યો છે. ભાજપના દલિત સાંસદો પણ નાખુશ દેખાઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે પોતે પાર્ટીના દલિત સાંસદોને મનાવવાના પ્રયાસમાં છે. દલિત સાંસદોની ફરિયાદોને ધ્યાનમાં લેનાર છે. તેમનો અવાજ સાંભળવામાં આવતો નથી તેવી ભાજપના પાંચ સાંસદો તરફથી રજૂઆત કરવામાં આવ્યા બાદ ભાજપે હવે તેમની ફરિયાદો અને તકલીફો તરફ ધ્યાન આપવા દલિત સાંસદો સાથે વાતચીત કરવાનો સંકેત આપી દીધો છે. ભાજપે સાફ શબ્દોમાં કહ્યું છે કે, તે પોતાના દલિત સાંસદો સાથે વાતચીત કરશે અને તેમની તમામ બાબતોને ધ્યાનમાં લેશે. કાયદા પ્રધાન રવિશંકર પ્રસાદ અને સામાજિક ન્યાય પ્રધાન થાવરચંદ ગેહલોત પત્રકાર પરિષદમાં કહી ચુક્યા છે કે, દલિત સાંસદોની રજૂઆતને ધ્યાનમાં લેવામાં આવશે. આ દલિત સાંસદો દલિત વિરોધ બદલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી ઉપર આક્ષેપ કરી રહ્યા છે પરંતુ આ દલિત સાંસદોની રજૂઆત સાંભળવામાં આવશે. પ્રસાદે કહ્યું હતું કે, અમે અમારા દલિત સાંસદો સાથે વાત કરીશું. જો તેમને કોઈ તકલીફ છે તો તેમને દૂર કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતુ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર તમામ સમસ્યાઓને દૂર કરશે. પાંચ દલિત સાંસદોએ દલિતો સામે અત્યાચારના મુદ્દે તેમની વાત સાંભળવામાં આવી રહી નથી તેવો આક્ષેપ કર્યા બાદ ભાજપ તરફથી આ ખાતરી આપવામાં આવી છે. બંધારણમાં પણ જો કોઈ તકલીફ હશે તો દૂર કરવામાં આવશે. તેમના અધિકારોથી દલિતોને વંચિત રાખવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટમાં હાલમાં આવેલા ચુકાદા સામેના વિરોધમાં દલિત સમુદાયના લોકોએ ભારત બંધની હાકલ કરી હતી અને મોટાપાયે હિંસા બંધ દરમિયાન થઈ હતી. બાડમેર, ઝાલોર, જયપુર, ગ્વાલિયર, મેરઠ, કરોલી અને અન્ય વિસ્તારોમાં હિંસા ભડકી ઉઠી હતી. વડાપ્રધાન મોદીએ પણ આ મામલે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે વાત કરી છે. પ્રસાદ અને ગેહલોતે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને માયાવતી ઉપર પ્રહાર કરતા કહ્યું છે કે, આ બંને નેતાઓ દલિત વિરોધી બાબતો રજૂ કરીને દલિત સમુદાયમાં ઘૃણાની ભાવના જગાવી રહ્યા છે. લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

# સીરિયામાં લશ્કરી વિમાની મથક પર મિસાઈલ હુમલો

**મિસાઇલ હુમલામાં મોટી સંખ્યામાં નાગરિકના મોત થયા હોવાના હેવાલ : રસાયણિક હુમલાની નિંદા બાદ હુમલો**




દમાશ્ક,તા. ૯

સીરિયામાં રક્તપાતનો દોર જોરદારરીતે જારી રહ્યો છે. હવે સીરિયાના લશ્કરી વિમાનમથક પર મિસાઈલ હુમલો કરવામાં આવતા મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ પણ થયા છે. સીરિયાના સરકારી મીડિયામાં આ મિસાઈલ હુમલા અંગેના હેવાલને સમર્થન આપવામાં આવ્યુ છે. આ હુમલો તૈફુર એર બેસ પર કરવામાં આવ્યો હતો. આ પહેલા સીરિયાના પૂર્વીય ઘોઉતામાં રસાયણિક હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૮૦થી પણ વધારે લોકોના મોત થયા હતા. તૈફુર વિમાનીમથક પર કેટલીક મિસાઈલો ઝીંકવામાં આવી હોવાના હેવાલ મળ્યા છે. ડિફેન્સ સિસ્ટમ મિસાઈલને તોડી પાડવા માટે કામ કરી રહ્યુ છે. હુમલામાં કેટલાક લોકોના મોત થયા છે અને કેટલાક લોકો ઘાયલ થયા છે. સરકારી મીડિયાના હેવાલમાં કહેવામાં આવ્યુ છે. આ હુમલો અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન બાદ કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપને ૨૦૧૯માં હરાવીશું : રાહુલ ગાંધી

નવી દિલ્હી,તા. ૯

ઉપવાસની રાજનીતિ હવે શરૂ થઈ ચુકી છે. કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીએ આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં રાજઘાટ ખાતે એક દિવસના ઉપવાસ કર્યા હતા. રાજઘાટ ઉપર ઉપવાસ બાદ રાહુલે કેન્દ્ર સરકાર અને ભાજપ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, આજે દેશમાં જે માહોલ છે તે ભાજપની વિચારધારાના કારણે છે. રાહુલે આક્ષેપ કરતા કહ્યું હતું કે, ભાજપની વિચારધારા દેશને વિભાજિત કરવા માટેની રહી છે. દલિતોને કચડી નાંખવા માટેની રહી છે. રાહુલે આક્ષેપ કરતા કહ્યું હતું કે, ભાજપ દલિત વિરોધી છે. અમે ૨૦૧૯માં તેમને હરાવીને માનીશું. ભાજપની વિચારધારા દેશને વિભાજિત કરવાની છે અને અને ૨૦૧૯માં તેમને હરાવવા માટે તૈયાર છે. રાહુલે ભાજપ સરકાર ઉપર દલિત વિરોધી હોવાનો આક્ષેપ કરીને આજે ઉપવાસ કર્યા હતા. ઉપવાસ બાદ પત્રકારો સાથે વાતચીત કરતા ભાજપની વિચારધારા આદિવાસી અને લઘુમતિઓને કચડી નાંખવા માટેની રહી છે. રાહુલ ગાંધીના ઉપવાસને લઈને



● અનુસંધાન પાન-૭ પર

# હિમાચલમાં ખીણમાં બસ ખાબકતા ૩૦ના મોત

**મૃત્યુ પામેલામાં મોટા ભાગના સ્કુલી બાળકો : કાંગરા જિલ્લાના નુરપુર વિસ્તારમાં બનેલી ઘટનાથી ભારે આઘાતનું મોજુ : બચાવ અને રાહત કામગીરી તરત શરૂ**

કાંગરા, તા.૯

હિમાચલપ્રદેશના કાંગરા જિલ્લાના નુરપુર વિસ્તારમાં એક સ્કુલી બસ ઉંડી ખીણમાં ખાબકી જતાં ૨૭ બાળકો સહિત ૩૦ના મોત થઈ ગયા છે. તાજેતરના સમયની સૌથી મોટી બસ દુર્ઘટના તરીકે આને જોવામાં આવે છે. આજે સાંજે ૪.૩૦ વાગ્યાની આસપાસ આ દુર્ઘટના બની હતી. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. ઘટના સ્થળે એનડીઆરએફની ટીમ પણ તરત પહોંચી ગઈ હતી. હિમાચલ પ્રદેશના શિક્ષણમંત્રી સુરેશ ભારદ્વાજે બનાવ અંગે માહિતી આપતા કહ્યું હતું કે, મોતનો આંકડો ૨૭થી ઉપર પહોંચી ગયો છે.

આ પહેલા રાજ્યના મુખ્યમંત્રી જયરામ ઠાકુરે બનાવ અંગે દુખ વ્યક્ત કરીને સમગ્ર મામલામાં મેજિસ્ટ્રેટ તપાસનો આદેશ કર્યો હતો. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આ દુર્ઘટનામાં મોટી સંખ્યામાં બાળકોના મોત થયા છે. એનડીઆરએફની ટીમને તરત ઘટના સ્થળે મોકલવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર



# કાવેરી વિવાદ પર કેન્દ્રને સુપ્રીમની ભારે ફટકાર

નવીદિલ્હી,તા. ૯

સુપ્રીમ કોર્ટે કાવેરી જળની વહેંચણીના મુદ્દે કેન્દ્ર સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી. જળ વહેંચણીના ચુકાદાને લાગૂ કરવા માટે યોજના તૈયાર ન કરવાને લઈને કેન્દ્ર સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. ત્રીજી મે સુધીમાં ચુકાદાને અમલી કરવા યોજના તૈયાર કરવા કેન્દ્ર સરકારને સ્પષ્ટ સૂચના સુપ્રીમ કોર્ટે આજે આપી હતી. સાથે સાથે કોર્ટે કર્ણાટક અને તમિળનાડુ રાજ્યની સરકારોને અપીલ પણ કરી છે કે, યોજના તૈયાર કરવામાં આવે અને તેને યોગ્યરીતે અમલી પણ કરવામાં આવે. યોજના અમલી કરવામાં આવે ત્યાં સુધી તેઓ રાજ્યમાં સંપૂર્ણ શાંતિ જાળવવામાં આવે. તમિળનાડુએ કેન્દ્ર સરકારની સામે તિરસ્કાર અરજી દાખલ કરી હતી અને કહ્યું હતું કે, તે કાવેરી મેનેજમેન્ટ બોર્ડની રચના કરવામાં નિષ્ફળ રહી છે.

# દિલ્હી વિસ્તારમાં વરસાદ

નવી દિલ્હી,તા. ૯

રાષ્ટ્રીય પાટનગર દિલ્હી અને અનસીઆરના મોટા ભાગના વિસ્તારોમાં આજે વરસાદ થતા લોકો રોમાંચિત થયા હતા. સાથે સાથે ગરમીથી લોકોને રાહત થઈ હતી. હવામાનમાં એકાએક પલટો આવ્યા બાદ વરસાદની શરૂઆત થઈ હતી. રવિવારના દિવસે તાપમાનમાં ફરી એકવાર સામાન્ય કરતા ત્રણ ડિગ્રીનો વધારો થતા લોકો પરેશાન દેખાયા હતા. એમ માનવામાં આવી રહ્યુ હતુ કે આગામી ૨૪ કલાકમાં લોકોને વધારે ગરમીનો સામનો કરવો પડશે. જો કે હવામાનમાં એકાએક સવારે પલટો આવ્યો હતો. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે ઓછા દબાણનુ ચિત્ર સર્જાઇ રહ્યુ છે જેથી પાટનગર દિલ્હીમાં વરસાદ જારી રહી શકે છે. જો કે હવામાન વિભાગે કહ્યુ છે કે વરસાદ ૧૦મી એપ્રિલ અને ૧૧મી એપ્રિલના દિવસે થઈ શકે છે.

# કર્ણાટકમાં સંઘ સક્રિય થતાં ભાજપને રાહત

**ભાજપને કોંગ્રેસે ટક્કર આપતા સંઘ ફરી સક્રિય : હિન્દુત્વ અને હિન્દુ કાર્યકરોની હત્યાના મુદ્દા ઉપર ચૂંટણી પ્રચાર કરી મેદાનમાં ઉતરશે : વરિષ્ઠ પ્રચારકો બેંગ્લોરમાં**

બેંગ્લોર,તા. ૯

દક્ષિણ ભારતના પ્રવેશદ્વાર ગણાતા કર્ણાટકમાં કમળ ખિલાવવા માટે વડાપ્રધાન મોદી અને ભાજપના પ્રમુખ અમિત શાહે તમામ તાકાત લગાવી દીધી છે. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને કોંગ્રેસ પાસેથી મળી રહેલી ટક્કર વચ્ચે હવે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે પણ ગુપ્તરીતે પોતાના કાર્યકરોને એકત્રિત કરવાની શરૂઆત કરી દીધી છે. સંઘના એક્શનમાં આવતા લિંગાયત મુદ્દા ઉપર દબાણમાં આવેલા ભાજપને મોટી રાહત મળી ગઈ છે. પડદા પાછળ કામ કરતા સંઘ હિન્દુત્વ અને હિન્દુ કાર્યકરોની હત્યાઓના મુદ્દાને ઉઠાવવા તૈયાર છે. સંઘના પદાધિકારીઓ મતદારોને પોતાની તરફેણમાં લાવવા માટે સંગઠનાત્મક નેટવર્કનો ઉપયોગ કરી રહ્યા છે. સમગ્ર દેશમાંથી ઓછામાં ઓછા ૨૮ વરિષ્ઠ પ્રચારકો બેંગ્લોરમાં પહોંચી ગયા છે. આ પ્રચારકો રાજ્યભરમાં પોતાની શાખાઓને સંપર્ક કરી રહ્યા છે.

સંઘના પદાધિકારીઓના કહેવા મુજબ તેમના પ્રચારકો અને કાર્યકરો મુખ્યરીતે હાલ ઉત્તારીય કર્ણાટક તથા દરિયાકાંઠાના વિસ્તારોમાં ધ્યાન કેન્દ્રિત કરશે. આ વિસ્તારમાં ૮૦થી ૧૦૦ જેટલી સીટો આવે છે. જે ચૂંટણીમાં બહુમત મેળવવાની દ્રષ્ટિએ ખુબ જ મહત્વપૂર્ણ છે. સંઘને લિંગાયત અને વીરશૈવના મતભેદો અને તેમના પ્રભાવવાળા વિસ્તારોમાં નિષ્ફળતાને લઈને કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

સંઘના પ્રચારકો આ વિસ્તારમાં જઈને એવા સંદેશા ફેલાવશે કે કોંગ્રેસ હિન્દુ લોકોને વિભાજિત કરે છે. દરિયાકાંઠાના જિલ્લા અને મૈસુરમાં હિન્દુ કાર્યકરોની હત્યા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. રાજ્યની પોતાની યાત્રા દરમિયાન અમિત શાહે આને ચૂંટણી મુદ્દા તરીકે ગણાવ્યો હતો. સાથે સાથે પોતાના ભાષણમાં આનો ઉલ્લેખ પણ કર્યો હતો. સંઘના એક હોદ્દેદારે કહ્યું છે કે, દરિયાકાંઠાના વિસ્તારોમાં કાર્યકરો સક્રિય થઈ ગયા છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ ડે પાર્ટી, ગેટ ટુ ગેધર તથા શુભ પ્રસંગ માટે
તમામ પ્રકારના પ્રસંગો માટે વિશાળ ૧,૨૫,૦૦૦ સ્કવેરફુટનો મેક્શીકન લોન એરીયા
સિદ્ધી વિનાયક ફાર્મ & પાર્ટી પ્લોટ
૧૫૦૦ મહેમાનોની ક્ષમતા વાળો પાર્ટીપ્લોટ, ૫૦૦૦૦ સ્કવેરફુટ લોન એરીયા
ક-૭, રાંધેજા રોડ, વસંત વગડાની સામે, ગાંધીનગર.
www.shivalayfarm&partyplot.com | shivalayfarm&partyplot@gmail.com
શિવમ્ કેટરર્સ એન્ડ રાજેશ્વરી ગ્રુપ & ઈવેન્ટ્સ
૧૦૦૦ થી ૮૦૦૦ મહેમાનોની ક્ષમતા વાળો વિશાળ પાર્ટી પ્લોટ
ડિઝાઈન થીમ ડેકોરેટીવ એન્ટ્રી વિથ ફ્લાવર
વર-કન્યા પક્ષ માટે એ.સી. રૂમોની સગવડ
૮૦૦ થી વધારે કાર માટે પાર્કીંગ વ્યવસ્થા
ગાંધીનગર શહેરથી તદ્દન નજીક
અદ્યતન કિચન વ્યવસ્થા
બુકિંગ ચાલુ છે
આ બધી સુવિધા અમારા પાર્ટી પ્લોટના પેકેજમાં મળશે.
વાઘેલા ઘનશ્યામસિંહ એમ. 98250 22173 | વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. 98256 04575 | ચાવડા અનિરુદ્ધસિંહ 98981 85149
ક-૭, રાંધેજા રોડ, મનાવા પેટ્રોલિયમની બાજુમાં, ગાંધીનગર